

વર્ષ ૩ અંક ૪

શ્રીયોગિની એકાદશી વ્રત

જેઠ વદ ૧૧, ૨૦૬૬

તાત તણો પ્રતિબિંબ રે રસના



अनुक्रमणिका

વિષય	પાન ક્રમાંક
❖ નિવેદન	૧
❖ ટિપ્પણી	૪
❖ શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન	૫
❖ સર્વોત્તમ સ્તોત્ર	૮
❖ શ્રીગોકુલનાથજીકે ૨૪ વચનામૃત	૧૧
❖ સ્વરૂપ નિષ્ઠા	૧૩
❖ શ્રીધોલ પદ	૧૪
❖ મનપ્રબોધ	૧૫
❖ શ્રીગોકુલેશાષ્ટોત્તરશતનામ સ્તોત્રમ્	૧૮
❖ જૈ જૈ શ્રીગોકુલેશ	૧૯
❖ કવિત્ત	૨૦
❖ Bhaktivardhini	21

राग सारङ्ग

आसिस देत सब आसिस आइ हमारे श्रीगोकुलनाथजुं ।।

राज करों नित सदा सर्वदा भक्त सदा (सहित) सुखदाई ।। १ ।।

चिरंजीवो जुग जुग श्रीवल्लभ रसिक श्रीगोकुल राई ।।

परम उदार श्रीगोकुलेश वर वल्लभदास बलि जाई ।। २ ।।

શ્રીગોકુલેશ પાઠશાળા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત તણો પ્રતિબિંબ રે રસના

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમૈં કરત વિહાર;

નિજ-જન કૌ વરન કારન, લિયૌ ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧

શ્રીગોકુલેશ હી એક નામ, જૌ સુખ દૈ સદા અપાર;

ઐસૈ સુખ સાગર શ્રીરાયજું, રાખૈ સદા શ્રીચરણ નિરાધાર. ૨

પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરૈ શ્રીવ્રજ વાસ;

દાસગોપાલ કૈ શ્રીરાયપ્રભુ, રાખૌ શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

૮૪ અને ૨૫૨ વૈષ્ણવોના ચરિત્રો એટલે સદા સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણનું જ સાક્ષાત્ અધરામૃત. ભગવદ્ મંડલીઓ, સત્સંગ બેઠકો વગેરેમાં વર્ષોથી આ મહાન ભગવદીયોના ચરિત્રોનું રસપાન વૈષ્ણવો કરતા આવ્યા છે. પરંતુ શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણના સ્વરૂપનિષ્ઠ ભગવદીયોના ચરિત્રોનું રસપાન કર્યા વિના ભગવદ્ સત્સંગમાં અદ્યાપિપર્યંત કંઇક ઉણપ અનુભવાતી હતી. શ્રીગોકુલેશ પ્રભુચરણના અનન્યાશ્રિત અને સ્વરૂપાસક્ત સેવકોનો વિશાળ સમુદાય હતો.

આપશ્રીના શરણે આવ્યા પછી બહુધા સેવક-સમાજે સ્વવતનનો ત્યાગ કરી શ્રીમદ્ ગોકુલ આવી શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણારવિંદ નિકટ જ દૃઢવાસ કરી પોતાનું સમગ્ર જીવન વ્યતીત કર્યું હતું. આપશ્રીના અનન્યાસક્ત સેવક-સમુદાયમાં અનેક વિદ્વાનો, ગુણીજનો, કવિરત્નો, નિષ્કિંચન એવં સાધનસંપન્ન વૈષ્ણવો પણ હતા, જે સર્વ આપશ્રીની અધરસુધારસનું પાન કરવા નિત્ય નિજ-બેઠકજીમાં ઉપસ્થિત રહેતા હતા. અનવસરમાં શ્રીગોકુલેશ પ્રભુ નિજબેઠકજીમાં બિરાજતા અને ભગવદ્ રસપિપાસુજનોને સ્વવચનસુધાની અલૌકિક વૃષ્ટિમાં અહર્નિશ ભીંજવતા હતા. આવા સ્વરૂપનિષ્ઠ ભગવદીયો વિશેની જાણકારી હજુ સુધી અપ્રગટ જ રહી છે.

જેવી રીતે ૮૪ વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીના શ્રીઅંગરૂપે તથા ૨૫૨ વૈષ્ણવો શ્રીગુસાંઈજી પ્રભુચરણના શ્રીઅંગરૂપે ભૂતળ ઉપર પ્રગટ થયા હતા તેવી જ રીતે ૭૮ ભગવદીયો સહિત અનેક અંતરંગ સેવકો પણ શ્રીગોકુલેશ પ્રભુચરણના શ્રીઅંગરૂપે ભૂતળ ઉપર પ્રગટ થયા હતા. તામસ ભક્તોની એ જ વિશિષ્ટતા છે કે પ્રગટ સ્વરૂપના દર્શન વિના એક ક્ષણ પણ રહી ન શકે. આથી જ આપશ્રીના ઘણા સેવકો શરણે આવ્યા પછી સ્વ-વતન ત્યજી શ્રીમદ્ ગોકુલ આવી પોતાના પ્રાણપ્રિય શ્રીગોકુલેશ પ્રભુના ચરણકમલોમાં જ સ્થાયી નિવાસ કર્યો હતો. આ સર્વ સ્વરૂપાસક્ત સેવકોએ શ્રીગોકુલેશ પ્રભુચરણને રસાત્મક પૂર્ણ પુરુષોત્તમ શ્રીયશોદોત્સંગલાલિત નંદનંદન સ્વરૂપે જ જાણ્યા હતા, માણ્યા હતા અને પામ્યા હતા.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના સેવકો પણ શ્રીઠાકોરજી કરતાં સ્વગુરુમાં જ અધિક ભાવપ્રીતિ રાખતા હતા તેના અનેક દૃષ્ટાંતો વાર્તાપ્રસંગો અને કીર્તનસાહિત્યમાં સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે. શ્રીમહાપ્રભુજીના અંતરંગ સેવક દામોદરદાસ હરસાનીજી 'દાન કરતાં દાતા બડો' એમ કહી શ્રીઠાકોરજી કરતાં પણ શ્રીમહાપ્રભુજીનાં શ્રીચરણકમલોમાં પોતાની પૂર્ણ આસક્તિ અને દૃઢાશ્રય પ્રગટ કરે છે. શ્રીગુસાંઇજીના અન્ય સેવક નાગજી ભટ્ટ શ્રીનાથજીને કનકકમળ અને શ્રીગુસાંઈજી

પ્રભુચરણને જળકમળ રૂપે વર્ણવી પોતાની પૂર્ણ સ્વરૂપાસક્તિ શ્રીગુસાંઈજીના શ્રીચરણકમલોમાં પ્રગટ દર્શાવે છે. એ જ પ્રમાણે તે સમયે ભૂતળ ઉપર સાક્ષાત્ બિરાજમાન ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણમાં જ આપના સેવકોની અસાધારણ સ્વરૂપાસક્તિ અને અનન્યભાવ હોય એ સ્વાભાવિક જ છે. જે આજે પણ એવો દૃઢ ભાવ શ્રીગોકુલેશ પ્રભુચરણની સેવક-સૃષ્ટિમાં જોવા મળે છે. આમાં અન્ય કોઇ ભગવદ્ સ્વરૂપ પ્રતિ અનાદર કે ઉપેક્ષાનો ભાવ વિચારવો ન જોઇએ પરંતુ આ મહાન ભગવદીયોના ચરિત્રોનું અવગાહન હંસનીરક્ષીર ન્યાયથી કરવું જોઇએ.

શ્રીગોકુલેશ પ્રભુચરણના સ્વરૂપાસક્ત અનેક સેવકો હતા, જેમાં ૭૮ ભગવદીયો મુખ્ય હતા. આપશ્રીની આસુરવ્યામોહલીલા પછી આ ૭૮ ભગવદીયોએ પોતાના પ્રાણપ્રેષ્ઠ પ્રભુના વિયોગમાં ભૌતિક દેહનો ત્યાગ કર્યો હતો. ભગવદ્ ઇચ્છાથી આ અનન્ય અને સ્વરૂપનિષ્ઠ ભગવદીયોના અલૌકિક જીવન તથા સ્વાનુભવ સંબંધી કોઇ વિશેષ જાણકારી ઉપલબ્ધ થતી નથી. દૈવીજીવોના ઉદ્ધારાર્થે વિ.સં.૧૬૪૬માં ફક્ત એક જ વાર ગુજરાતનો પ્રવાસ, માલા-તિલક પ્રસંગે બાદશાહને મળવા અને તે નિમિત્તે કાશ્મીરને પાવન કરવા તથા તત્પશ્ચાત્ શ્રીમદ્ ગોકુલ ત્યજી સોરમજીમાં અલ્પ સમય માટે વાસ-આ સિવાય શ્રીગોકુલેશ પ્રભુચરણે પોતાની પ્રાગટ્યલીલાનો સમગ્ર સમય પોતાના અતિપ્રિય નિજસ્થાન શ્રીમદ્ ગોકુલમાં જ વ્યતીત કર્યો હતો.

૮૪ અને ૨૫૨ વૈષ્ણવોના ત્રણ જન્મોની લીલાભાવના જેવી વિસ્તૃત ચરિત્ર માહિતી શ્રીગોકુલેશ પ્રભુચરણના ૭૮ ભગવદીયોની પ્રાપ્ત થતી નથી. આમ છતાં આ પરમકૃપાપાત્ર (મહદ્) ભગવદીયોની શરણે આવ્યા પછી સર્વસમર્પિત જીવન સાથે શ્રીગોકુલેશ પ્રભુચરણના શ્રીચરણારવિંદ સમીપ શ્રીગોકુલમાં સ્થીરવાસ, પ્રગટ સ્વરૂપમાં જ દૃઢાસક્તિ, અનન્યભાવ, તત્સુખની ઉત્કટ ભાવના તેજ શ્રીગોકુલ ત્યજી અન્યત્ર ક્યાંય ન જવાનો દૃઢ નિર્ધાર વગેરે પુષ્ટિધર્મોનો જીવનપર્યંત આચરણના અદ્વિતીય દૃષ્ટાંતનો જોટો પુષ્ટિમાર્ગમાં તો શું, પણ દુનિયાના ધાર્મિક ઇતિહાસમાં મળવો જ દુર્લભ છે.

આપશ્રીના અનેક સ્વરૂપાસક્ત-સ્વરૂપનિષ્ઠ અનન્યાસક્તિવાળા સેવકો જેમાં રામજી શાહ, દાદા નારાયણજી અને તેમનો સમગ્ર પરિવાર, ગોપાલદાસભાઇ વ્યારાવાળા, કૃષ્ણરાય ભટ્ટ, મધુસૂદન ભટ્ટ, માલજી પંચોલી, મહાવદાસ, વૃંદાવનદાસ, ચતુરવિહારી, જમનાદાસ જાની-શ્યામદાસ, ઉદ્ધવ ભટ્ટ, ધ્યાનદાસ, વગેરે વગેરે અનેક ભક્તો છે, જેઓ કેવળ અને કેવળ શ્રીગોકુલેશ પ્રભુને જ વર્યા, જાણ્યા, માણ્યા, અને પામ્યા. કેવળ એકાગ્ર ધ્યાન અને તે શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણ. આવી એકાગ્ર દૃષ્ટિવાળી ભક્તિ જેનું બીજું નામ **શ્રીગોકુલેશ પ્રભુચરણ** તન્મય ભક્તિ કહે છે.

આવા ૭૮ ભક્તો સદાય શ્રીગોકુલેશ પ્રભુચરણના શ્રીમુખે અહર્નિશ માર્ગનો બોધ પ્રાપ્ત કરતાં. તે હાસ્ય પ્રસંગ રૂપે હોય, ૨૪ વચનામૃત સ્વરૂપ હોય, વાર્તા ચરિત્ર સ્વરૂપે હોય, કે પછી અન્ય બોધરૂપે, સદાય પાન કરતાં, અને તે વાણીને આ ભગવદીયો પોતાની અનુભૂતિ અનુસાર પદ્યરૂપે પ્રગટ કર્યો છે. જેમાં આજે પણ અનેક ગ્રંથો શ્રીગોકુલેશ પ્રભુચરણના સ્વરૂપના વિશે પ્રાપ્ત થાય છે, જેનું વર્ણન આ ૭૮ ભગવદીયો દ્વારા કરવામાં આવ્યું છે. જેવી રીતે અષ્ટસખા દ્વારા સ્ફુરીત કીર્તનો સાક્ષાત્ શ્રીપ્રભુની લીલાનુભુતિ વ્યક્ત કરે છે, તે જ પ્રમાણે ૭૮ ભગવદીયો દ્વારા અનુભૂતિ પ્રાપ્ત કરી પદ્ય રૂપે સ્ફૂરીત થઇ અનેક ગ્રંથો પ્રગટ કર્યાં છે.

આ ભગવદીયોએ અનેક ગ્રંથો પ્રગટ કર્યા છે, જેવાં કે શ્રીસ્વરૂપાનુભવોત્સવ, રસાનંદોત્સવ, મંગલરસ, નિત્યચરિત્ર, કમનરસ, વગેરે, અને સંસ્કૃત ગ્રંથો જેમકે નામરત્નમાલાવલિ, શ્રીગોકુલેશાષ્ટકમ્, શ્રીગોકુલેશશયનાષ્ટકમ્, શ્રીગોકુલેશોત્સવવર્ણનમ્, શ્રીગોકુલેશસ્તવ, રુચિરાષ્ટકમ્, વગેરે વગેરે અનેક અનેક ગ્રંથો. અને આ સર્વેમાં વ્યારાવાળા ગોપાલદાસભાઇએ અગણિત સાહિત્ય શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણના સ્વરૂપ વિશે પ્રગટ કર્યું છે. આજના આધુનિકો

ઘણાં એવું માને છે કે ગોપાલદાસભાઇજી દ્વારા પ્રગટીત સાહિત્યનું રસપાન આપણાથી ન થાય. તે તો અન્યમાર્ગીય છે. કેવી મૂર્ખામી જેવી વાત છે. એટલેજ શ્રીગોકુલેશ પ્રભુચરણ આપશ્રી દ્વારા પ્રગટીત ૨૪ વચનામૃતમાં પ્રથમ વચનામૃતમાં સુંદર અને સ્પષ્ટ આજ્ઞા કરે છે કે : '<u>યહ વાર્તા ઓર કે આગે કહિવેકી નાંહી હે. તુમ ભગવદ્ભક્ત હો, પુષ્ટિમાર્ગકી રીતિ સુનવેકી અતિ પ્રીતિ હે, તાતે તુમતે કહેત હેં..........</u>'

સ્પષ્ટ છે કે જેઓની શ્રીગોકુલેશ પ્રભુચરણમાં પ્રીતિ નથી, તેઓને શ્રીગોકુલેશ પ્રભુચરણના સ્વરૂપનો બોધ પ્રાપ્ત ન થાય. તેથી આ ૭૮ ભગવદીયો દ્વારા પ્રગટીત અનેકવિધ ગ્રંથો છે, તે અવશ્ય મનનનીય, ચિંતનીય અને પાન કરવા યોગ્ય છે. શ્રીગોકુલેશ રસાબ્ધિ ક્રીડાકલ્લોલ પ્રાગટ્ય સિદ્ધાંત, શ્રીગોકુલેશ પ્રભુચરણના પૂર્વજો સાથે જીવન ચરિત્ર, સ્વરૂપ રસાવલી ગ્રંથ, તત્ત્વદોહન ગ્રંથ, મન પ્રબોધ ગ્રંથ, ભક્તભાવાર્થ ગ્રંથ, તૃતીય તરંગ, પંચમ તરંગ, રસિકરસગ્રંથ, માલોદ્ધાર પ્રસંગ, ૭૮ ભગવદીયોની નામાવલી, નિત્યચરિત્ર, ગોકુલેશપુર, અનેક ધોળ, પદ, વિનંતીનું પાન કરવું યોગ્ય છે.

આ ગોપાલદાસભાઇ સુરત પાસે વ્યારા ગામના વતની હતા. પિતાનું નામ દેવજી મહેતા જે શ્રીગુસાંઇજીના સેવક હતા અને માતાનું નામ વ્હાલબાઇ હતું. કારતક સુદ ૨ના દિવસે ગોપાલદાસભાઇનો જન્મ થયો હતો. ગોપાલદાસભાઇના પિતા શુદ્ધ ભાવવાળા અને શ્રીગુસાંઈજી પ્રભુચરણના એકનિષ્ઠ સેવક-વૈષ્ણવ હતા. જ્યારે શ્રીગોકુલેશ પ્રભુ ગુજરાતમાં પધાર્યા ત્યારે વ્યારા ગામમાં તેમના ઘેર પધાર્યા હતા. શ્રીગોકુલેશ પ્રભુએ અતિ કૃપા કરી ગોપાલદાસભાઇને શરણે લઇ, તેમના હૃદયમાં પુષ્ટિજ્ઞાનનું બીજ સ્થાપન કર્યું હતું.

આ ગોપાલદાસે ગામ, જ્ઞાતિ, ઘર વગેરેનો ત્યાગ કરી કુટુંબ સહિત શ્રીમદ્ ગોકુલ આવી શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણારવિંદની નિકટ સ્થિર વાસ કર્યો હતો. તેઓ મહાન કવિરત્ન હતા. આ ભગવદીય કવિએ સ્વાનુભવથી શ્રીગોકુલેશ પ્રભુનું સ્વરૂપ, લીલા વગેરેનું જ્ઞાન કરાવતું વિપુલ સાહિત્ય પ્રગટ કર્યું છે. તદુપરાંત સમય સમયના ગુજરાતી તેમજ વ્રજભાષામાં અનેક ધોળ-પદની પણ રચના કરી છે.

વિશેષમાં ગોપાલદાસભાઇએ રચેલા 'શ્રીસ્વરૂપરસાવલી' નામના મોટા પદ્ય ગ્રંથમાં શ્રીગોકુલેશ પ્રભુ અને આપશ્રીના અંતરંગ ભગવદીયોનું સુંદર વર્ણન છે. આ ગ્રંથમાં ૧૦૮૩૨ કડી તથા ૨૧ માંગલ્ય છે. શ્રીગોકુલેશ પ્રભુચરણના નિત્યલીલામાં પધાર્યા પછી, ભૂતલ પરના શ્રીગોકુલેશ પ્રભુના વિરહી સમાજનું ભાવપોષણ કરવા ગોકુલભાઇજીની જેમ ગોપાલદાસભાઇને પણ શ્રીગોકુલેશ પ્રભુએ ભૂતલ ઉપર રહેવાની આજ્ઞા કરી હતી. શ્રીગોકુલેશ પ્રભુની આસુરવ્યામોહલીલા પછી આપશ્રીના અનન્ય ભગવદીયોમાં જે વિરહાગ્નિ પ્રગટ્યો હતો તે શાંત કરવા માટે શ્રીગોકુલેશ પ્રભુના ગુણાનુવાદ સિવાય અન્ય કોઇ માર્ગ રહ્યો નહોતો.

આથી તે સમયે ગોપાલદાસભાઇએ આ વિરહવ્યથાની સાંત્વના અર્થે અનેક ગ્રંથોની રચના કરી, શ્રીગોકુલેશ પ્રભુના અલૌકિક ગુણાનુવાદની સરિતા વહેવડાવી હતી. શ્રીગોકુલેશ પ્રભુએ આ ભગવદીય કવિના હૃદયમાં સાક્ષાત્ બિરાજીને જ પ્રાકૃત ભાષામાં ગ્રંથો પ્રગટ કરાવ્યા હતા એવું ગોપાલદાસભાઇ સ્વયં જણાવે છે. <u>માટે આવા ભગવદીયોની વાણી પ્રમાણરૂપ અને ફલરૂપ જ છે એમ જાણી સદા રસપાન કરવું જોઇએ</u>........

શ્રીવિઠ્ઠલસુત ગોકુલપતિના પદ વંદુ વારંવાર, મારે આરાધન ભજનીય, અને એહ છે આધાર ।

જે પદ સ્વરૂપતણું સાધન છે, સ્વરૂપ ન જાણે મર્મ, ગુઢ રસિક પ્રભુ ઉપકારી છે, જેહ મહા ધર્મી ધર્મ ।

જે પદવંદન તે પદ પરસી, કર ફરતો દીઠો નેન, તે પદનો અભિલાષ કરું છું, જોવા દિન ને રાત ।

ભાવત્ક :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ટિપ્પણી

વિક્રમ સંવત્ ૨૦૬૬ જેઠ વદ પક્ષ ૧૧ થી વિક્રમ સંવત્ ૨૦૬૬ અષાઢ સુદ પક્ષ ૧૦ (ગુર્જર માસ)

જુલાઈ ૮, ૨૦૧૦ થી જુલાઈ ૨૦,૨૦૧૦

મિતિ	વાર	તારીખ	શ્રીવાલ્લભ શ્રીચતુર્થગૃહના ઉત્સવ
૧૧ - જેઠ વદ	ગુરુ	જુલાઈ-૮	શ્રીયોગિની એકાદશી વ્રત
૧૨	શુક્ર	૯	
૧૩-૧૪	શનિ	૧૦	શ્રીમતી ચંદ્રાવલીમાઁજી મહારાજનો ઉત્સવ (સં.૧૯૦૧)
૩૦	રવિ	૧૧	
૧ - અષાઢ સુદ	સોમ	૧૨	
૨	મંગળ	૧૩	રથયાત્રા (પુષ્ય નક્ષત્ર યુક્તા)
૩	બુદ	૧૪	
૪	ગુરુ	૧૫	
૫	શૂક્ર	૧૬	કર્ક સંક્રાંતિ -દક્ષિણાયન પ્રારંભ
૬-૭	શનિ	૧૭	કસૂંબા છઠ
૮	રવિ	૧૮	
૯	સોમ	૧૯	શ્રીચતુર્થ પીઠાધીશ્વર શ્રીમાન્ શ્રીવલ્લભાચાર્યજી મહારાજનો જન્મોત્સવ સં.૧૯૯૯ (ગાદી બિરાજે)
૧૦	મંગળ	૨૦	

જ્યારે ભોજનથી બહુ રીતે રસ પ્રગટ થાય ત્યારે જ (ભક્તિ) ફલરૂપ થાય છે.

(શ્રીસુબોધિનીજી ૩.૩૫.૩૪)

શ્રીવાલ્લભ સિદ્ધાંતનિષ્ઠ શ્રીચતુર્થપીઠ તરફથી પ્રકાશિત ટિપ્પણીને આધારે આ પખવાડીક ટિપ્પણી.

નોંધ :- શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ માટે વર્ષભર આવનાર ઉત્સવ માટે કેવળ આજ ટિપ્પણી માન્ય રાખવી, એ આપણું કર્તવ્ય છે. અને આ ટિપ્પણી પ્રમાણે ઉત્સવ મનાવવાં. ટિપ્પણી તે પીઠનો આદેશ સમાન મુખપત્ર છે.

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન

ગઢાથી મથુરા-પ્રવાસ

...ગતાંકથી આગળ

આધારદાસનું ફરવું :-

ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે આધારદાસ તથા એના સૈન્ય સાથે શ્રીગુસાંઈજીએ પ્રયાણ શરૂ કર્યું. માર્ગમાં મુકામ કરવા આધારદાસે વિનંતી કરી, પણ શ્રીગુસાંઈજીએ ના પાડી. એ રાજ્યના સીમાડા સુધી સાથે ગયો, સીમાડેથી પોતે શ્રીગુસાંઈજીની આજ્ઞાથી પાછો ફર્યો, પણ એમની સાથે પોતાનો એક સેવક મોકલ્યો અને જ્યારે શ્રીગુસાંઈજી મથુરા પધાર્યાના સમાચાર સાંભળ્યા ત્યારે પ્રસાદ લીધો. મથુરા પહોંચતા પહેલાં શ્રીગુસાંઈજીને માર્ગમાં રાણીના પહોંચી ગયાના સમાચાર મળ્યા.

મહેશો તથા ગણેશો :-

માર્ગમાં મહેશો અને ગણેશો નામના બે બળદ શ્રીગુસાંઈજીને ઘણા કામ આવતા. એ પિતા પુત્ર હતા. એઓ સેવાને અર્થે જ અવતર્યા હતા. મહેશા પર નાના ભાંતની પોથીજી હતાં અને ગણેશા પર સલીતો (ખડિયો-ગૂણ) લાદ્યો હતો. રસ્તે એક નાળું આવ્યું ત્યારે મહેશાએ વિચાર્યું કે પાણીમાં તરીને પાર ઉતારીશ, પણ પીઠ પરની પોથીજી પલળી જશે, તેથી એણે હિમ્મતથી એવો તો કૂદકો માર્યો કે સામે પાર જઇ પડ્યો. ગણેશાના પરાક્રમનું તો કહેવાય જ નહિ. એ સલીતા સાથે નાળામાં ગયો ને જોતજોતામાં પાર ઊતર્યો. સલીતો પહેલાં ૧૬ મણનો હતો, પણ પાછળથી એમાં ભાર વધ્યો હતો. એ એટલો તો વજનદાર હતો કે ગણેશાની એને ઊભા થવા કહેવામાં આવતું. શ્રીગુસાંઈજી એને હળદર અપાવતા. શ્રીગોકુલેશ પ્રભુને સેવકનાં પરાક્રમ તરફ પ્રીતિ હતી.

શ્રીગોકુલેશ પ્રભુનું ભૂલાં પડવું :-

એ વખત માર્ગમાં શ્રીગોકુલેશ પ્રભુ ભૂલા પડ્યા તેથી શ્રીગુસાંઈજીથી જુદા પડ્યા. શ્રીગોકુલેશ પ્રભુની સાથે શ્રીબાલકૃષ્ણજી તથા શ્રીરઘુનાથજી પણ હતા. રાત્રે ત્રણે જણે જંગલમાં મુકામ કર્યો. શ્રીગોકુલેશ પ્રભુએ ત્રણે ઘોડા સાંચવતા હતા. એ વખતે ટાઢ તો એટલી પડતી હતી કે હાથમાં ચાબૂક પણ પકડી શકાતો નહિ. થોડી વારમાં શ્રીગુસાંઈજી જેઓ શ્રીગોકુલેશ પ્રભુની શોધમાં નીકળ્યા હતા તેમને શ્રીગોકુલેશ પ્રભુએ શ્યામ ઘોડા પર સવાર થયેલા જોયા અને શ્રીરઘુનાથજીને દૂરથી દેખાડ્યા. પછી શ્રીગુસાંઈજી આવી મળ્યા અને સર્વને સંતોષ થયો.

જ્યારે શ્રીગોકુલેશ પ્રભુને ભૂલા પડવાનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે સ્વકીયોને પોતે જણાવ્યું કે શ્રીગુસાંઈજી તો સીધે રસ્તે ચાલ્યા કરતા હતા, પરંતુ આડે અવળે ઠેકાણે અનેક જીવ જેઓ સુમારગ ભૂલ્યા હતા અને અયોગ્ય રસ્તે ચાલી પોતાનું જ અહિત કરી રહ્યા હતા તેવા દૈવી જીવોનો દર્શન દ્વારા અંગીકાર કરી એમને સ્વબળે શરણે લઇ માર્ગમાં સ્થિત કરવાના હતા. એને માટે જ પોતે ભૂલા પડવાનું મિષ કરી એ જીવોના અંગીકાર અર્થે શ્રીગુસાંઈજીથી જુદા પડી અને

માર્ગમાં ભૂખ ઠંડી વગેરે અનેક પ્રકારનાં દુ:ખોને સહન કરી શ્રીગોકુલેશ પ્રભુચરણે પોતાનો પ્રાગટ્ય હેતું સિદ્ધ કરતાં હતા.

ધર્મનો ટેક :-

બીજે દિવસે પ્રયાણ શરૂ કર્યું, પણ એક મજલ ચાલ્યા એટલે અતિશય તાપને લીધે સર્વને સખત તરસ લાગી. માર્ગમાં જળ મળ્યું નહિં, શ્રીગુસાંઈજી પોતે જળ માટે આગળ ચાલ્યા. શ્રીબાલકૃષ્ણજીને સખત તૃષા લાગી હતી, ભટ્ટ પાસે જલનો એક ગડવો હતો. શ્રીબાલકૃષ્ણજીએ શ્રીગોકુલેશ પ્રભુને કહ્યું કે તમે જો જલ લ્યો તો હું લઉં, પણ શ્રીગોકુલેશ પ્રભુએ ભટ્ટના હાથનું જલ આરોગવા ના પાડી. દુ:ખ સહન કર્યું, પણ ટેક છોડ્યો નહિં. એટલામાં શ્રીગુસાંઈજીએ જલ મોકલ્યું એ શ્રીગોકુલેશ પ્રભુ વગેરેએ સંતુષ્ટ થઇ આરોગ્યું. એ વખતે શ્રીગોકુલેશ પ્રભુએ વચનામૃત કર્યું કે ભલી ભઇ તે શ્રીઠાકોરજીએ મર્મ જાણ્યો અને ધર્મ રાખ્યો. ધર્મરક્ષકે ધર્મનો અંગીકાર કરી રાખ્યો અને ધર્મરાગી સ્વકીયને ટેક રાખવા શિક્ષા દીધી.

અકબરપુરથી શ્રીગોકુલ :-

આ પ્રમાણે અનેક વન, ઉપવન, ગામ, શહેર વગેરે પાવન કરતા શ્રીગોકુલેશ પ્રભુ અકબરપુર પધાર્યા. સ્થળ જોઇ શ્રીગુંસાઈજીએ ત્યાં કેટલાક દિવસ રહેવા વિચાર કર્યો, પરંતુ છ દિવસ રહ્યાં એટલામાં જ શ્રીગોકુલેશ પ્રભુને શ્રીગોકુલ પધારવાની ઇચ્છાથી એ દેશમાં પણ ધાંધલ ઊઠી. ત્યાંથી કડે થઇ હાંસિયાફતેપુર પધાર્યા. આગળ રસ્તો બંધ હતો તેથી ત્યાં કેટલાક દિવસ રહેવું પડ્યું. ત્યાંથી ગંગાતીર ત્રણ ગાઉ હતું. આ ગામનું જલ સારું નહિ હોવાથી જલપાન માટે ગંગાતીરથી જલ આવતું, સાધારણ વપરાશ માટે તો ત્યાંનું જ જલ લેવાતું.

ત્યાંથી લાંબી મુસાફરી કરી ચાર ઘડી દિવસ રહેતાં કોરંડે પધાર્યા. ત્યાં રસોઈ કરી બીજે દિવસે ધીમે ધીમે ફરાહમાં આવ્યા. આ વખતે હરિવંશજી, ચાંપાભાઇ, દામોદરદાસી, ભિરતીયા ભાણોભાઇ, ખીરો પંડ્યા, નારાયણદાસ ખવાસ, પરચારક પહોરુ, ભગત સૂરજ, ભગવાનદાસ, ગોપાલદાસ સંખોડો, વાઘશાલી, નરહર, શ્રીધર ભટ્ટ, ગોવિંદ ભટ્ટ, વાસુદેવ ભટ્ટ, સંજીવની વગેરે રસિક ભગવદીયો અને વૈષ્ણવો શ્રીગોકુલેશ પ્રભુની ટહેલમાં હાજર હતા.

શ્રીગોકુલ પાસે આવતા મહાવનના કેટલાક વૈષ્ણવ, ધર્મનૈષ્ઠિક ચૌધરી, સદ્ગૃહસ્થ સામા આવ્યા તેમાં ભોમ વ્યાસ, આધો વ્યાસ, કૃષ્ણદાસ, મિત્રસેન, ધર્માંગદ, કપૂર, કુંવર, ભોજ, ફૂલુ, મદનચંદ તથા કૃષ્ણદાસ સ્વામી મુખ્ય હતા, એઓ દંડવત્ પ્રણામ કરી શ્રીગોકુલેશ પ્રભુનાં દર્શનના લાભ માટે પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યા. શ્રીગોકુલેશ પ્રભુએ સ્વરૂપ પ્રભાવથી એમને મોહિત કર્યા પછી દેવન ત્રવાડી પાસે મુહૂર્ત જોવડાવી સં.૧૬૨૨નાં ભાદરવા વદિ ૨ના રોજ શ્રીગોકુલમાં પ્રવેશ કર્યો.

આ પ્રસંગ વિશે ગોપાલદાસભાઇ વ્યારાવાળા લખે છે કે શ્રીગોકુલેશ પ્રભુ શ્રીગોકુલમાં પધાર્યા એટલે:-

સ્થલરૂપે જે સ્થિર હતાં ગોકુલ વ્રજને સંગ,
તે અતિશે સૌ હુલસીને ઉમગ્યાં અંગોઅંગ. ૧૦
શ્રીગોકુલ રસરૂપે રચ્યું રમણ રસધામ.

ઉલટ અંગ ન માયે, પધારે પૂરણકામ. ૨૦

પ્રમાણ તે પ્રમેય થઇ ને આવ્યા કરી બહુ સમાજ.

આપ-આપણા અનુભવ હિત સહુકો સેવા કાજ. ૨૧

જેકો આધિદૈવિક સ્વરૂપે પ્રગટ્યા છે પ્રભુને સંગ.

તેહને સ્થલે પધાર્યાનો મનમાં અતિશે રંગ. ૨૩

આધિદૈવિક સ્વરૂપ સર્વ ભક્તજન નિરંતર શ્રીગોકુલેશ પ્રભુની સાથે જ છે તથા એમની આધિભૌતિક સ્વરૂપ ભૂતલ પર સર્વને દશ્યમાન હોય છે, પરંતુ જ્યારે શ્રીગોકુલેશ પ્રભુ નિજેચ્છાથી ભૂતલ પર પધાર્યા ત્યારે એ આધિદૈવિક સ્વરૂપોએ પોતાનાં આધિભૌતિક સ્વરૂપોમાં પ્રવેશ કરી એમને આનંદમય બનાવ્યાં, એટલે કે શ્રીગોકુલ, શ્રીગોવર્ધન, શ્રીયમુનાજી; વ્રજ વગેરે જેઓ શ્રીગોકુલેશ પ્રભુના આગમન પહેલાં આધિભૌતિક સ્વરૂપ જડવત્ બિરાજતાં હતાં તેઓમાં આપશ્રીના પધાર્યાની સાથે એમનું આનંદમય સ્વરૂપ પ્રગટ થયું.

આનંદાત્મક શ્રીગોકુલ :-

શુદ્ધાદ્વૈત સિદ્ધાંત પ્રમાણે 'જગત સત્ય છે' અને પદાર્થ માત્ર બ્રહ્મનો અંશ છે, પરંતુ બ્રહ્મ, જીવ અને જડ પદાર્થની વચ્ચે મહત્ત્વનો ફેર એ છે કે પોતે સત્, ચિત્ત, આનંદ એ ત્રણે અંશથી પદાર્થ માત્રમાં (હાજર) હોય છે. જેને આપણે બ્રહ્મ કહીએ છીએ તેની અંદર સત્, ચિત્ અને આનંદ અંશ પૂર્ણરૂપે હોય છે અને તેથી બ્રહ્મને કેટલાક મહાત્માઓ 'સચ્ચિદાનંદ' કહે છે. 'શ્રીકૃષ્ણ' નામનો અર્થ જોતાં પણ માલૂમ પડે છે કે બ્રહ્મમાં ઉપર જણાવેલા ત્રણે અંશ આવિર્ભૂત થયેલા હોય છે, પરંતુ બ્રહ્મમાંથી જ્યારે આનંદ અંશ તિરોભૂત થાય છે અને સત્ તથા ચિત્ બે જ અંશ પ્રગટ જણાય છે ત્યારે એને જીવ-સંજ્ઞા અપાય છે.

જ્યારે આનંદ તેમજ ચિદ્ અંશ બન્ને તિરોભૂત થઇ જાય છે અને ફક્ત સદ્ અંશ જ પ્રગટ જણાય છે ત્યારે એને જડમાં ચિદ્ અને આનંદ અંશ છે જ નહિ. જો એમ કહેવામાં આવે તો પદાર્થ માત્ર બ્રહ્મનો અંશ છે એ વાક્ય ખોટુ ઠરે, કારણકે જે બ્રહ્મનો અંશ છે તેમાં બ્રહ્મના ત્રણે અંશ સત્, ચિત્ અને આનંદ હોવા જ જોઇએ. અત્રે ધ્યાનમાં રાખવાનું એટલું જ છે કે જો બ્રહ્મમાં એ ત્રણે અંશ આવિર્ભૂત થયેલા હોય છે, જીવમાં આનંદ અંશ તિરોહિત થયેલા હોય છે અને ફક્ત સત્ અને ચિદંશ આવિર્ભૂત હોય છે.

જડમાં ચિદ્ અને આનંદ અંશ તિરોભૂત થયેલા હોય છે, પણ સદંશ એકલો જ આવિર્ભૂત હોય છે એટલે કે જો જીવમાં આનંદ અંશ અને જડમાં ચિદ્ અને આનંદ અંશ આવિર્ભૂત કરવામાં આવે તો જડ અને જીવ આનંદરૂપ થઇ બ્રહ્મ થઇ જાય છે. હવે જીવ અને જડમાં એમના તિરોભૂત થયેલા અંશોને આવિર્ભૂત કરવાની સત્તા બ્રહ્મને જ હાથ છે. આ એની ઇચ્છા માત્રથી થઇ શકે છે. આ સિદ્ધાંત પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુ શ્રીગોકુલમાં પધાર્યા એટલે શ્રીગોકુલ, શ્રીગોવર્ધન, શ્રીયમુનાજી વગેરે એમના ચિદ્ અને આનંદ અંશ પ્રગટ થયા અને એઓ જડ મટી આનંદમય બ્રહ્મરૂપ છે.

..ક્રમશઃ

સંયોજનઃ- શ્રીગોકુલેશજીનું જીવનચરિત્રમાંથી સાભાર

શ્રીગોકુલેશ વાક્સુધા

।। श्रीसर्वोत्तमस्तोत्रम् ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઈજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું વિશમાં નામ **प्राकृतानुकृति-व्याज-मोहितासुर-मानुषः**[२०] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં જો આપણે અનુસંધાન કરવું હોય તો આપણે મહોદાર ચરિત્રવાન્ને દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ આ નામની પ્રતિતી થાય. **प्राहः प्रहसिताननः (१०.२३.२४), दृष्ट्वा स्त्रीणांः (१०.२३.३८), धातुप्रवालनटवेषम् अनुव्रतांसे (१०.२३.२२), कृताञ्जलिपुटा विप्रान् दण्डवत् पतिता भुवि (१०.२३.५), व्याजहार पुनर्गोपान् (१०.२३.१३), यन्मायामोहितधियः (१०.२३.५०), प्राप्ता आत्मदिदृक्षया (१०.२३.२४), अन्तःप्रवेश्य सुचिरं परिरभ्य तापं (१०.२३.२३), देहं कर्मानुबन्धनम् (१०.२३.३४), स वै न आद्यःपुरुषः (१०.२३.५१).**

શ્રીગુસાંઈજી પ્રગટિત આ અલૌકિક નામોને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતના પ્રસંગોનું અનુસંધાન રાખવું જરૂરી છે. ગયા વખતે આપણે જે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજવાનો પ્રયાસ કર્યો, આપશ્રી મહા ઉદાર ચરિત્રવાળા છો. એવા શ્રીમહાપ્રભુજી છે, તેથી શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું વિશમું નામ **प्राकृतानुकृति-व्याज-मोहितासुर-मानुषः**[२०] પ્રગટ કર્યું.

હવે કહે છે કે શ્રીમહાપ્રભુજી કેવા છે ? કે સાધારણ લૌકિક જીવોની જેમ આચરણ કરે છે. તેના વડે આસુરી જીવોને મોહ (ભ્રમ) પેદા કરે છે. તેથી તેઓ એમ જાણે છે કે આપ સાધારણ મનુષ્ય છો.

ત્યાં કોઈક આ શંકા કરે છે કે લૌકિકના જેવું આચરણ જોઈને દૈવીજીવોને પણ કેમ મોહ ન થાય ? ત્યાં કહે છે કે આસુરી અથવા આસુરાવેશી જીવોને જ મોહ થાય છે. તે કયા પ્રકારથી ? જેમ જ્યારે શ્રીઠાકોરજી શ્રીદેવકીજીના ગર્ભમાં પધાર્યા ત્યારે આ જોઈને કંશે જાણ્યું કે મને મારવા માટે શ્રીપૂર્ણપુરુષોત્તમ ગર્ભમાં આવ્યા છે ત્યારે પછી પૂતનાને મોકલી. પૂતનાને ત્યાં જઈને લૌકિક બાળકની જેમ જાણીને સ્તનપાન કરાવ્યું.

તો આ બધો મોહ આસુરી જીવોને થયો અને દૈવી જીવ તો શ્રીઠાકોરજીને ગર્ભમાં જોઈને એ જાણ્યું કે આ તો શ્રીપૂર્ણપુરુષોત્તમ છે, ગર્ભમાં આવ્યા તેથી શું થયું ! આ તો એમની લીલા છે અને આ તો અમારા રક્ષક છે એમ જાણીને સ્તુતિ પણ કરી છે. તેવી જ રીતે દૈવી જીવ જાણે છે કે, શ્રીમહાપ્રભુજી શ્રીપૂર્ણ પુરુષોત્તમ છે અને અમારો ઉદ્ધાર કરવાવાળા છે. અને જે અસુર છે તે આપનું લૌકિક જેવું આચરણ જોઈને મોહિત થાય છે. તેથી એમ કહે છે કે આપ બીજા બધા લોકોની જેમ લૌકિક છે. જેવી રીતે જ જાણે છે. આ બાવવા માટે આ નામ કહ્યું છે. ૧૨

હવે કોઈક શંકા કરે છે કે દોષોથી પ્રચુર જીવોનો ઉદ્ધાર આપ કેવી રીતે કરે છે ? ત્યારે એવી શંકાના નિરાસાર્થે શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીનું એકવીસમું નામ પ્રગટ કરે **वैश्वानरो**[२१] છે.

वैश्वानरो[२१] **वल्लभाख्यः**[२२] **सद्रूपो**[२३] **हितकृत्-सताम्**[२४] ।।

जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्[२५] **निखिलेष्टदः**[२६] ।। १२ ।।

ભાવાર્થ :- [૨૧]શ્રીમહાપ્રભુજી આપ વૈશ્વાનર (અલૌકિક અગ્નિરૂપ) છો, [૨૨]ભક્તોને પ્રિય છો, [૨૩]સત્ અર્થાત્ સુંદર સ્વરૂપવાળા છો, [૨૪]સર્વે ભક્તોના હિત કરવાવાળા છો, આપ સ્વયં સેવા કરી જન શિક્ષાર્થે શ્રીકૃષ્ણની ભક્તિ કરે છે, [૨૫]સકલ ઈષ્ટ-વાંછિત દેવાવાળા છે.

वैश्वानरो[२१] :- આપશ્રી (શ્રીમહાપ્રભુજી) વૈશ્વાનર (અલૌકિક અગ્નિરૂપ) છો.

રાગ : સારંગ

વૈશ્વાનર નામ સુનત આસુર જીવ જરિ મરેં ।
માયાવાદિ મત્ત ગયંદ સુનત ઉપજ્યો ત્રાસ
અતિ ઉજાસ દેખિ આકાસ આઈ સબૈ પાંયનિ પરૈ ।। ૧ ।।
બિન સાધન કરુના કરિ કલિજુગમેં ઉદ્ધરૈ ।
મન વચન કર્મ કરિ અન્ય સબ ઉપાય તજૌ
ગોવિન્દ પ્રભુચરન ભજૌ ભવસાગરતેં તરૈ ।। ૨ ।।

શ્રીમહાપ્રભુજી, [૨૧]**આપશ્રી** વૈશ્વાનર (અલૌકિક અગ્નિરૂપ) **वैश्वानरो**[२१] છો.

મૂળ ટીકાનો ભાવાર્થ :- જોકે લૌકિકનું અનુકરણ કરતા હોવા છતાં (આચાર્યશ્રી) પુરુષોત્તમ છે એમ તર્ક સાથે જણાવ્યું. છતાં પણ તેઓશ્રી શુદ્ધ ફલરૂપ પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ કરાવનારા છે, અને તે (માર્ગ) શ્રુતિ-સ્મૃતિ વિગેરે અનેક પ્રમાણોથી સર્વથી અધિક હોવાનું જણાવનારા છે, અને પોતે પ્રગટ કરેલ ભક્તિમાર્ગમાં અંગીકાર કરેલા જીવોને તે માર્ગ જણાવીને તેમને કૃતાર્થ કરનારા છે, એ વિગેરે પુરુષોત્તમના સ્વરૂપમાં પણ નહિ જણાતા (ગુણો) તેમનામાં કેમ જણાય ? તેનું કારણ શું ? એવી શંકા થાય, તેથી (આચાર્યશ્રી) પુરુષોત્તમના મુખ્ય અવયવરૂપ પણ હોવાથી તે ગુણો (તેમનામાં) જણાય છે, એમ જણાવવા, તેનું કારણ બનેલ નામ કહે છે કે :-

'વૈશ્વાનર' શબ્દથી 'અગ્નિ મુખ છે' એ શ્રુતિમાં અગ્નિને પુરુષોત્તમનું મુખ કહેલું હોવાથી તેમના મુખરૂપ અગ્નિને આધિદૈવિક આનંદરૂપ અને મુખમાં વાણી પણ હોવાથી વાણીરૂપ કહ્યા. આચાર્યશ્રી પુરુષોત્તમની વાણીરૂપ હોવાથી તેઓશ્રી શુદ્ધ પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ કરાવનારા હોવામાં જે શંકાઓ કરી તે બધી દૂર કરી (એમ) જાણવું. 'તેમાં કાંઈક અધિક આવ્યું, પણ તેની હાનિ થઈ નથી' એ નિયમ પ્રમાણે કાંઈ પણ અયોગ્યતા નથી.

સરળ સમજૂતિ :- છાંદોગ્ય ઉપનિષદ્‌માં **आत्मानं वैश्वानर उपास्ते** વૈશ્વાનર આત્મા છે. વ્યાપક છે. પુરુષોત્તમ છે. સ્વરૂપ જ્ઞાનનિષ્ઠ ભગવદીય તે વૈશ્વાનરની સેવા કરે છે. વેદ પરોક્ષ પ્રિય હોવાથી પરોક્ષ રીતિથી જ વૈશ્વાનર શબ્દ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું પ્રતિપાદન કરે છે. વેદ સાક્ષાત્ પ્રતિપાદન કરે છે. **इन्दिरायां नलिनी मन्दिराया वल्लभो वासुदेवः** ઈત્યાદિ ઉપનિષદ્ વાક્યમાં વાસુદેવ વલ્લભરૂપ પ્રગટ્યા છે, એવું સ્પષ્ટ છે.

અગ્નિમાં 'અઙ્' ધાતુ છે. 'અઙ્' ધાતુ ગતિવાચક છે. ભગવત્પ્રાપ્તિ કરાવે તે અગ્નિ. અર્થાત્ જીવને બ્રહ્મ પર્યંત પરકફલદશામાં ગતિ કરાવીને ફલપ્રાપ્તિ કરાવવી એ કાર્ય અગ્નિ વિના બીજા કોઇમાં નથી.

अज्ञानाद्यन्धकार-प्रशमनपटुता-ख्यापनाय त्रिलोक्याम्

अग्नित्वं वर्णितं ते कविभिरपि सदा वस्तुतः कृष्ण एव ।

प्रादुर्भूतो भवान् इत्वत्यनुभव-निगमाद्युक्तमानैर् अवेत्य

त्वां श्रीश्रीवल्लभेमे निखिलबुधजनाः गोकुलेशं भजन्ते ।। ८ ।।

શ્રીવલ્લભાષ્ટક

આ પ્રકારનું આપનું આધિદૈવિક અગ્નિત્વ ત્રણેય લોકમાં પ્રસિદ્ધ છે. એવું કવોઓ વર્ણન કરે છે. આપના અગ્નિસ્વરૂપના દર્શન આપશ્રીએ પ્રાગટ્ય સમયે ચંપારણ્યમાં અગ્નિકુંડમાં, ભુતલ સ્થિતિ સમયે દામોદરદાસ હરસાનીના ભાઇ, ગુજરાતના મહમદ બેગડાને તથા નિજધામ પધારતી સમયે કાશીમાં ગંગાજીની મધ્ય ધારામાં અગ્નિતેજપૂંજથી કરાવ્યા છે.

એક સમય ઉદર વ્યાધિનું નિમિત્ત બનાવી કોઇ એક વૈષ્ણવની લાવેલી ઔષધી આપે અગ્નિમાં નાખી, જેથી આપની ઉદર વ્યાપિ દૂર થયાનું જણાવી પોતાના અગ્નિસ્વરૂપની પ્રતીતિ નિજજનોને કરાવી.

શ્રીમહાપ્રભુજી, આપશ્રી અલૌકિક અગ્નિરૂપ વૈશ્વાનરો[૨૧] છો.

ક્રમશઃ

સંયોજનઃ- જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, શ્રીગોકુલેશ વાકસુધામાંથી સાભાર

–: પુષ્ટિમાર્ગનું વિલક્ષણ સ્વરૂપ :-

પુષ્ટિમાર્ગમાં સાધન અને ફલ અભેદ છે. ફલરૂપ પ્રભુ જ સ્વયં સેવા, સ્મરણ, ગુણગાન અને ધ્યાનના સાધનરૂપે થઇ જઇ નિજજનોને સન્મુખ રાખિ તેનો નિરોધ સિદ્ધ કરે છે. તેનું પ્રમાણ 'નિબંધ'માં આપ આજ્ઞા કરે છે કે જેમ જેમ શ્રીહરિના હૃદયમાં પ્રવેશ થાય છે તેમ તેમ જીવની સાધનોમાં નિષ્ઠા વધતી જાય છે. અહીં 'સાધન' શબ્દથી પ્રભુ પોતે જ સાધનરૂપ બને છે તેવો અર્થ સમજવો. સાધનમાં કૃપાશક્તિનું કાર્ય જ આપણે જાણવું. પ્રભુની કૃપા શક્તિનો આપણા હૃદયમાં પ્રવેશ થવાથી જ સેવા-સ્મરણાદિ ભગવદ્રૂપ સાધનમાં આપણી રૂચિ થાય છે.

આ સાધનો દ્વારા કૃપાશક્તિ ભગવદ્ ભોગ્ય અધિષ્ઠાન (પાત્ર) બનાવીને ફલરૂપ પ્રભુનો સાક્ષાત્ અનુભવ કરાવે છે. કૃપાશક્તિ અવ્યક્ત છે. હૃદયમાં રહીને ભગવદ્ સન્મુખ રહેવાની જીવને તે પ્રેરણા કરે છે. આ કથનનો નિષ્કર્ષ એ થયો કે સાધનોમાં જે અધિક નિષ્ઠા તેમ કૃપાની અધિક્તા, અને સાધનોમાં જેટલી ન્યૂનતા તેટલી કૃપામાં ન્યૂનતા. 'સાધન' શબ્દને કૃપામાં જ પ્રયુક્ત કરવો. મતલબ કે પુષ્ટિમાર્ગમાં ફલથી જ શરૂઆત થાય છે. અને ફલ જ ફલિત થાય છે. ભગવત્સેવામાં જેમ-જેમ નિષ્ઠા વધતી જાય છે, તેમ-તેમ 'ફલનો' વિશેષરૂપથી અનુભવ થતો જાય છે. આ છે પુષ્ટિમાર્ગનું વિલક્ષણ સ્વરૂપ.......

શ્રીગોકુલનાથજીકે ચૌબિસ વચનામૃત

૧. ભગવદીયનું સ્વરૂપ-અન્યાશ્રય ન કરવો

એક સમય પુષ્ટિમાર્ગકો સિદ્ધાંત શ્રીગોકુલનાથજીને શ્રીગુસાંઇજી સો પુછ્યો. તબ શ્રીગુસાંઈજી ચાચા હરિવંશજી, તથા નાગજીભાઇ આદિ ભગવદીયનકે અર્થ અપુને પુષ્ટિમાર્ગકો સિદ્ધાંત શ્રીમુખતે કહે. સો સુનિકે ચાચા હરિવંશજી તથા નાગજીભાઇ આદિ અંતરંગ ભગવદી અપને મનમેં બોહોત પ્રસન્ન ભયે. તા પાછે શ્રીગોકુલનાથજી અપની શ્રીબેઠકમેં પધારે. સો શ્રીગુસાંઈજી કે વચનામૃતકો અનુભવ અપને મનમે કરત હે.

તા સમય કલ્યાણ ભટ્ટ શ્રીગોકુલનાથજી કે અંતરંગ સેવક સો આયકે શ્રીગોકુલનાથજીકો દંડવત્ કીની. તબ શ્રીગોકુલનાથજી તો બોલે નાહિં. પુષ્ટિમાર્ગકે રસકે અનુભવમેં મગ્ન હરે. તબ કલ્યાણ ભટ્ટ હાથ જોડીકે ઠાડે હોઈ રહે. પાછે ચારિ ઘડીમેં શ્રીગોકુલનાથજીને ઉંચી દૃષ્ટિ કરીકે કલ્યાણ ભટ્ટકી ઓર દેખે. તબ કલ્યાણ ભટ્ટને ફેરિ દંડવત્ કરી. તબ શ્રીગોકુલનાથજીને શ્રીમુખસો કલ્યાણ ભટ્ટ સો કહી, જો ‘કલ્યાણ ભટ્ટ, તુમ કબકે આયે?’ તબ કલ્યાણ ભટ્ટને શ્રીગોકુલનાથજીસો વિનંતી કીની જો ‘મહારાજ, મોકો આયે ચારિ ઘડી ભઈ હે.’ તબ શ્રીગોકુલનાથજી પ્રસન્ન હોય કે શ્રીમુખસો આજ્ઞા કીયે જો ‘આજ કાકાજી (શ્રીગુસાંઈજી)ને અપને પુષ્ટિમાર્ગકો સિદ્ધાંત મોસો કહે, સો પુષ્ટિમાર્ગ કી રીતિ તો મહા કઠિન હે, સો બનત નાહીં.’

તબ કલ્યાણ ભટ્ટને શ્રીગોકુલનાથજી સો વિનંતી કીની જો ‘મહારાજ, કછુ હમારે લાયક હોય તો કૃપા કરીકે મોસો શ્રીમુખસો સુનાઈયો. મોકો આપુ કે શ્રીમુખસો સુનિવેકો મનોરથ હે. પુષ્ટિમાર્ગકી રીતિ બનની તો મહાકઠીન હે પરન્તુ હમકો સુનનો હું મહાકઠિન હે, અતિ દુર્લભ હે.’ યહ વચન સુનિકે શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ સો આજ્ઞા કીયે જો ‘યહ વાર્તા ઓર કે આગે કહિવેકી નાંહી હે. તુમ ભગવદ્ભક્ત હો, પુષ્ટિમાર્ગકી રીતિ સુનવેકી અતિ પ્રીતિ હે, તાતે તુમતે કહેત હેં. સો મન લગાય કે સુનિયો-હ્દયમેં ધારન કરિયો.’

અબ કહેત હે. જો પ્રથમ તો ભગવદીયકો અન્યાશ્રય ન કરનો. અન્યાશ્રય મહા બાધક હે. જો એક આશ્રય શ્રીજીકો રાખનો. આશ્રય સિદ્ધ ભયે તે સર્વ કાર્ય હોય. યહ લોક પરલોક મેં સબ ઠિકાને સુખ પાવે. યહ જાનિકે આશ્રય એક શ્રીજીકો રાખે. આશ્રયકો હેતુ યહ હે જો અપને પ્રભુ વિના ઓરકો ન જાને-ન માને ઓર દુસરે સો મનકો મનોરથ ન કરે, અન્ય અવતારાદિકકી અપેક્ષા ન રાખે.

જીવ ઓર દેહ કાહુકી અપેક્ષા ન રાખે સો તો બોહોત કઠિન હે, કાહેતે યહ સંસાર હે સો વૃક્ષરૂપી હે. ઓર યા સંસારરૂપી વૃક્ષમેં દોય ફલ હેઃ એક તો દુઃખ, દુસરો સુખ. એ દોઉ ફલ યામેં લગત હેં. ઓર શાખા યા વૃક્ષકી અનેક હે. તિન શાખાનકો મન-તરંગ કહિયત હે એસો વૃક્ષ હે તાકી મૂલ જડ હે સો બુદ્ધિ હે.

ઓર ફલ હે સો અપને ગિરનેસો ડરપત હે. સો યા મોહ રૂપી વિચાર તે ડરપત હેં, ઓર અપને શાખા ફલ ફૂલ ટૂટનતે ડરપત હેં. તાતે વૃક્ષકો મુખ્ય તો વૃક્ષકી જડ હે સો દઢ હે. તાતે વૃક્ષકો ડર નાહીં હે. સો ડાર શાખા ફળ પત્ર અપને મૂલકો દઠ જાનત નાહીં હે. તાતે અત્યંત ભય કરિકે દુઃખિત હોત હે. તેસેઇ યહ જીવ હે. સંસાર રૂપી વૃક્ષકું મોહરૂપી

વયારકો ડર હે. તાકો દુઃખ દૂર કરવેકો-શુદ્ધ કરિવેકો અપને મૂલ રૂપકો વિચારનો. જો અપને મૂલ તો શ્રીભગવાન હે તિનકો ભૂલી ગયો હે. યહ અવિદ્યા કરીકે એસો વિચાર રહત નાહી, જો હમારો મૂલ શ્રીભગવાન સર્વોપર દઢ હે. સો હમકો આ મોહ રૂપી બયાર કી ચિંતા નાહીં. મોહ-રૂપી બયાર કે દુઃખ તે ડરપત હે. સો યા સંસારમેં અનેક દુઃખ સુખ પાવત હે.

તેસેઇ યહ મનુષ્ય-સંસારરૂપી અહંતા મમતાત્મક રૂપી વૃક્ષ હે, ડાર યાકો કુટુમ્બ હે, શાખા યાકી સ્ત્રી, પુત્ર, પરિવાર હે, પત્ર યાકી મન, દેહ તથા દેહ સંબંધી અનેક મનોરથ કે તરંગ હે, ફલ દોય સુખ, દુઃખ, મૂલ યાકો ભગવાન હે. એસે જીવકો અવિદ્યા કરિકે મોહરૂપી બયાર લગત હે. તબ યહ અપને મનમેં અત્યંત ભયભીત હોત હે. અપને ચિત્તમેં કહેત હે જો મેં યા બયારિતે ગિરૂંગો યહ સંસારકે ભય કરિકે અપને મૂલરૂપી શ્રીભગવાનકો ભૂલિ ગયો. અપને કુટુમ્બરૂપી ડાર શાખા પાતસો લિપટત હે. સો ઉનસો મિલિકે અનેક પ્રકારકે દુઃખ સુખકો અનુભવ કરત હે. યહ વૃક્ષરૂપી મનુષ્યકો માયા-રૂપી અવિદ્યા લગી હે. તાતે મોહ કે સંબંધતે ડરપત હે. જો મેરે કુટુંબી સ્ત્રી પુત્રાદિક કો દુઃખ હોઇગો; યહ ચિંતા યાકો મોહરૂપી બયાર લગેતે હોત હે. તાતે અપને મૂલ ભગવાન હે સો દઢ હે, મોકો કછુ લૌકિક અલૌકિકકી ચિંતા નાહીં સો ભૂલી જાત હે.

તહાં લૌકિક કુટુંબી મિલિકે યાકો અન્યાશ્રય કરાવત હે સો યા પ્રકારસો કરાવત હે-લૌકિકમેં કોઇ કહેત હે, જો તુમ્હારે કોઇ દેવતાકો મનાઓ તો તુમારો દુઃખ જાય, ભલો હોય; ઓર કોઇ કહેત હે જો તુમારે મિત્ર ભલે મનુષ્ય હોઇ તિનકો મિલો તો તુમારો કષ્ટ દૂરિ હોય; કોઇ કહત હે જો દેવીકી માનતા કરો તો ભલો હોય. યહ દુર્બુદ્ધિ જીવ એસો કહેત હે તબ યહ જીવ અન્યાશ્રય કરત હે. જ્યોં જ્યોં ઉન સંસારી લૌકિકન કો કહ્યો અન્યાશ્રય કરિકે શ્રીભગવાનતે વિમુખ હોત હે. ઓર મોહરૂપી બયાર એસી હે, જો જીવકો ભ્રમ ઉપજાવત હે.

ઓર જો દઢ અનન્ય ભક્ત હે સો અન્યાશ્રય સર્વથા નાહીં કરત હે, જબ કછૂ લૌકિક દુઃખ સુખ જીવકો હોત હે તબ યહ દઢતા રાખત હે. જો શ્રીજી કરેગે સો હોયગો. મેં તો દાસ હૂં. (**વિવેકધૈર્યાશ્રય - વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાત કરિષ્યતિ...**) દુઃખ સુખ તો દેહ કો પ્રારબ્ધ હે, સો તો હોત હી હે. સો દેહકું ભોગેતેં છુટેગો. તિનકો દુઃખ તત્કાલ નિવર્ત હોત હે. પ્રથમ તો ભગવદી કો દુઃખ સુખ હોત નહિં. જો પિછિલી પ્રારબ્ધતે હોત હે સો ભગવદી માનત નાહીં. યા પ્રકાર દઢ આશ્રય શ્રીઠાકોરજીકો કરે તાકો ભગવદી કહિયે.

ઓર જો વૈષ્ણવ હોય કે અન્યાશ્રય કરત હે ઓર જો અસમર્પિત વસ્તુ ખાત હે તાસો શ્રીઆચાર્યજી મહાપ્રભુ બોહોત દૂરિ રહત હે, યહ નિશ્ચય જાનનો. યહ સમજી કે વૈષ્ણવકો યહ યોગ્ય હે કિ અન્યાશ્રય ન કરનો-અસમર્પિત ન લેનો તાતે અપને મનમેં દઢ આશ્રય એક શ્રીજીકો રાખે. તબ વૈષ્ણવ યહ લોક પરલોકમેં સુખ પાવે. યા પ્રકાર શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કીયેં પ્રસંગ પ્રથમ. ૧

।। ઇતિ શ્રીગોકુલનાથજી કૃત પ્રથમ વચનામૃત સંપૂર્ણમવ ।।

સ્વરૂપનિષ્ઠા

સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

ઉદ્ધવ ભટ્ટ

આ ઉદ્ધવ ભટ્ટ સદા શ્રીગોકુલેશ પ્રભુચરણના નિકટમાં જ રહેતા હતા. તેઓ હાસ્ય વિનોદી સ્વભાવના અને સરળ હૃદયના સ્વરૂપાસક્ત ભગવદીય હતા. શ્રીગોકુલેશ પ્રભુ તેમના ઉપર સદા પ્રસન્ન રહેતા હતા.

શ્રીગોકુલેશ પ્રભુ જ્યારે સુખશય્યાએ પોઢવા પધારતા ત્યારે આ ઉદ્ધવ ભટ્ટ હાસ્ય વિનોદના અનેક પ્રસંગો શ્રીગોકુલેશ પ્રભુને સંભળાવતા અને શ્રીગોકુલેશ પ્રભુ પણ ઉદ્ધવ ભટ્ટનો હાથ ગ્રહણ કરી હાસ્યામૃતનું પાન કરતા.

ઉદ્ધવ ભટ્ટ અંગે 'શ્રીસ્વરૂપાનુભવોત્સવ' ગ્રંથના ૮૧માં માંગલ્યમાં ગોકુલભાઈજી લખે છે કેઃ-

વળી કહીએ તે ભાગ્યવાન જેહ, ભાઈ ઉદ્ધવો બ્રાહ્મણ તેહ,
પ્રભુ પોઢ્યા પછી ભગવદીય વલે, ત્યારે એકાંતે થઈ રહે એહ.
તે નિકટ સજ્યા શું લાગી બેસે, ત્યારે વ્હાલોજી કરે એ શું હાસ,
એહોનો કર શ્રીહસ્તે ગ્રહી લેઈ કરે કૌતુક વચન વિલાસ.

ઉદ્ધવ ભટ્ટ શાસ્ત્રોમાં નિપુણ, 'કવિ હૃદય ધરાવનાર અને શ્રીગોકુલેશ પ્રભુમાં અનન્ય આસક્ત એવા ભગવદીય હતા. શ્રીગોકુલેશ પ્રભુ જ્યારે નિત્યલીલામાં પધાર્યા ત્યારે શ્રીગોકુલેશ પ્રભુના ગુણગાન દ્વારા પોતાની વિપ્રયોગાવસ્થા ટકાવી રાખી હતી. આ અવસ્થામાં તેમણે રચેલું 'શ્રીપાદુકાષ્ટક સ્તોત્ર' શ્રીગોકુલેશ પ્રભુના અનન્ય સેવકોએ સદા સ્મરણ કરવા જેવું છે. તેમાં ઉદ્ધવ ભટ્ટ જણાવે છે કે :-

महार्ह-रत्न-निर्मिते-सुहेम-पीठ-संस्थिते,
स्व-सेवकैक-सेविते सुपुष्प-वास-वासिते ।
स्वरूप-बुद्धि-हीन-जीव सत्-स्वरूप-बोधिके,
नमो नमोऽस्तु वां सदैव गोकुलेश-पादुके ।। २ ।।

અર્થાત્ 'શ્રીગોકુલેશ પ્રભુના શ્રીપાદુકાજી શ્રીગોકુલેશ પ્રભુનું સાક્ષાત્ પ્રગટ સ્વરૂપ હોઈ જો એક ચિત્તથી સેવા કરવામાં આવે તો અનન્ય ભક્તિનું દાન કરી કૃપાવૃષ્ટિ કરે છે. લૌકિક કામ, મોહ, આદિનો નાશ કરે છે. મહા અંધકારમાં ડૂબેલા જીવના હૃદયમાં ચંદ્રમાં જેવો પ્રકાશ કરે છે. આવા શ્રીગોકુલેશ પ્રભુના શ્રીપાદુકાજીને વારંવાર સદા નમસ્કાર હજો.' આ ઉદ્ધવ ભટ્ટ શ્રીગોકુલેશ પ્રભુના અંતરંગ કૃપાપાત્ર ભગવદીય હતા. તેમના ભાગ્ય અને ભાવનું શું વર્ણન કરવું ?

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.

શ્રીધોળ પદ

આવો રે ગોરી આવો શામળી

આવો રે ગોરી આવો શામળી, કહું રળિયામણી વાતજી;
આવે રે ગોકુલ કેરો રાયજીયો, ઉલટ અંગ ન માયજી. ૧
કહો સખી પેર શી કીજીયે, દીજીયે શિખામણ સારજી;
કળશ સમારો રે પેરશું, હવે નવ કીજીએ વારજી. ૨
વિવિધ પેરે વાધીયે, શણગાર્યો સઘલેડો સાથજી;
શ્રીવિઠ્ઠલજીનો કુંવર કોડામણો, અતિ રે સોહામણો નાથજી. ૩
વીરો આવે રે શોભાજી તણો, વિઠ્ઠલરાયજીનો તાતજી;
આપણને અનુગ્રહ કર્યો, મુનીયે ન જાણી એ વાતજી. ૪
પુષ્પ અણાવો અતિ શોભિતાં, શ્રીગોકુલનાથજીને ગમતાંજી;
સામગ્રી અતિ શોભતી, આવે છે હસતા ને રમતાંજી. ૫
પારવતીવર અતિ સુંદર એ, મંદિરમાં પધારવા પ્રીતેજી;
સાધુનાં કારજ સારવા, રાકવા આપણીએ રીતજી. ૬
ઘેરઘેર ગુંડીરે ઉછળે, તરિયા તોરણ દ્વારજી;
આનન્દસાગર ઉલટ્યો, ત્રિભોવન તણો જય જયકારજી. ૭
ટોડલે તોરણ ટાટર્યું વાટ સમરાવોને વીરજી;
સુર થાઓ જીરે સાવધાન, નહીં કો કહે સારજી. ૮
વાજિંત્ર વાજે રે શોભિતાં, સાંભળતાં અતિ સુખ થાયજી;
વ્રજસુંદરી રે વિવેક શું, રસભરી રંગ શું ગાયજી. ૯
શ્રીવિઠ્ઠલ પુરુષોત્તમ ઉત્તમ, એ વર જાણોજી;
વેદપુરાણ વખાણીને, શ્રીગોકુલ કેરો રાયજી. ૧૦
બીજારે બહુ પરિવારમાં, સાર શ્રીવલ્લભ નામજી;
ચિરંજીવો શ્રીગોકુલનાથજી, વ્રજસુંદરી પૂરણ કામજી. ૧૧
એ લીલા જે કોઇ ગાશે તે, વ્રજસુંદરીજીનો સાથજી;
પ્રીત ઘણિ પધરાવિયા, બલી જાય માધવદાસજી. ૧૨

મનપ્રબોધ

વ્યારાવાળા ગોપાલદાસભાઇ વિરચિત

...ગતાંકથી આગળ

યહ અભિલાષા મન રહે કહી કૌન પૈ જાય ।

જીવન ધન સમ્પત્તિ સુખદ મેરે શ્રીગોકુલરાય ।। ૩ ।।

ભક્તજનોના અંતરાય દૂર થાય અને અલૌકિક મનની સ્થિતિ થાય એ માટે મનપ્રબોધ ગ્રંથ રચવાની અભિલાષા છે. પરંતુ આ અભિલાષા કોને કહેવી ? મારા સર્વસ્વ શ્રીગોકુલેશ પ્રભુ સિવાય હું બીજા કોને કહી શકું ? મારું જીવનધન સંપત્તિ સુખ આપનારું બધું ય શ્રીગોકુલેશ પ્રભુ જ છે. અર્થાત્ મારી અભિલાષાને પૂર્ણ કરવામાં સમર્થ મારા ચતુર્થકુમાર શ્રીગોકુલેશજી જ છે. મનુષ્યને શું વસ્તુ પ્રિય લાગે છે ? પોતાનું જીવન પછી ધન અને સમ્પત્તિ તથા સુખ દેનારાં સર્વે જડ ચેતન પદાર્થ. ગોપાલદાસભાઇ કહે છે કે મારું જીવન કહો કે ધન, સમ્પત્તિ કે સર્વતોધિક સુખ દેનાર જે કહો તે તે મારા પતિ શ્રીગોકુલેશજી જ છે.

જેમ શ્રીવલ્લભાષ્ટકમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કેઃ 'न ह्यन्यो वागधीशाच्छ्रुतिगणवचसां भावमाज्ञातुमीष्टे यस्मात्साध्वी स्वभावं प्रकटयति वधूरग्रतः पत्युरेव।' શ્રીમહાપ્રભુજી સિવાય શ્રુતિનું રહસ્ય જાણવાને કોઇ સમર્થ નથી. કારણકે જેમ સ્નેહવાળી અનન્ય નિષ્ઠાયુક્ત સ્ત્રી પોતાના હ્રદયનો આશય પોતાના પતિ સમક્ષ રજૂ કરે છે તેમ શ્રુતિઓ પોતાના પતિ વાક્પતિ શ્રીમહાપ્રભુજી સમક્ષ પોતાનો આશ્રય કહે છે. તેથી તે આશ્રય શ્રીમહાપ્રભુજી જ સમજે છે તેમ ગોપાલદાસભાઇજી પોતાની અભિલાષાની પરમ રસસ્વરૂપ શ્રીગોકુલેશ પ્રભુ સમક્ષ વિજ્ઞાપના કરે છે. એ સિવાય પોતાની અભિલાષા કોને કહેવી ? યાચક યાચના કોની પાસે કરે ? જે યાચના પૂરી કરવાને સમર્થ હોય તેની પાસે. અલૌકિક યાચનાને પૂર્ણ તો કેવલ શ્રીગોકુલપતિ જ કરી શકે, અન્ય નહિં.

ચરણ શીશ ધરિ ચિત્ત ધરિ ઉર અંતર ગતિ ધ્યાન ।

મન પ્રબોધ યા ગ્રંથ કો દેહું કૃપા કરિ જ્ઞાન ।। ૪ ।।

દૃષ્ટિનું પરમ ફલ પ્રાપ્ત કરતાં ગોપાલદાસભાઇજી વિજ્ઞાપન કરે છે કે આપનાં ચરણકમલ મારા મસ્તક પર ધારણ કરો અને મારી વિનંતી ચિત્તમાં ધારણ કરી અને ધ્યાનપૂર્વક આ અંતરાયનિવૃત્તિને હેતુ મનપ્રબોધ ગ્રંથ રચવાની અભિલાષા પૂર્ણ કરો અર્થાત્ એવું જ્ઞાન આપો જે સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં સહાયક થાય. મનને બોધ તો અનેકવાર મળે છે. પરંતુ જ્યાં સુધી દૃઢ થઇ અને એ જ્ઞાન સ્થિર ન થાય ત્યાં સુધી ફલાનુભૂતિ નથી થતી.

તેથી મનપ્રબોધ ગ્રંથ દ્વારા પ્રબોધ-વિશેષ બોધ-કરવાની આવશ્યક્તા હોવાથી આ ગ્રંથ રચવા માટે હ્રદયમાં આપ બિરાજીને પ્રકાશ કરો. ચરણ શીશ પર ધરવાની વિજ્ઞાપના એ સુચવે છે કે સ્વરૂપમાં દૃઢ નિષ્ઠા-વિશ્વાસ હોવાથી આપનાં ચરણકમલ અમને અભય આપે છે કે આ સ્વરૂપમાંથી અમારું મન ક્યારેય પણ ડગશે નહિં. પોતાનો છે એમ

માનો. અપનાયતનો અનુભવ કૃપા કરીને કરાવો. હૃદયમાં ધ્યાન ધરીને આ ગ્રંથ રચવાની અભિલાષા પૂર્ણ કરો. આ પ્રમાણે ગોપાલદાસભાઇ મનોહર કરી આપને સાંભળવું પ્રિય લાગે છે એ રીતે પોતાના સ્વામી શ્રીગોકુલાધીશ પાસે વિનંતી-યાચના કરે છે.

સ્વરૂપ રસની અનુભૂતિમાં અન્તરાય રૂપ ચિંતા જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી અન્તરાય રહે માટે ચિંતાની પ્રબલતા બતાવે છે :-

સબતે ચિન્તા અતિ પ્રબલ તાતેં પ્રબલ સુભાવ ।
ઊભય ઉગ્રકો વિજય કરિ વન્દું મૃદુ જુગ પાંય ।। ૫ ।।

અન્તરાયમાં સર્વથી અધિક પ્રબલ શક્તિશાળી વેગવાન ચિંતા છે અને એથી પણ વધુ પ્રબલ સ્વભાવની દુષ્ટતા છે. અહંકારની શક્તિ પર સ્વભાવ બને છે. એથી ચિંતા ઉત્પન્ન થાય છે. મજબૂત વસ્તુને કાપવા માટે હથિયાર પણ મજબૂત જોઇએ. ચિંતા અને સ્વભાવની ઉગ્રતા શ્રીગોકુલેશ કૃપારસ અભિલાષી ભક્ત કૃપા પ્રાપ્ત કરવા અધીરા થાય ત્યારે વિલંબને કારણે મનમાં ચિંતા થાય અને સ્વભાવની દુષ્ટતાને કારણે પોતાના દોષ અન્તરાયરૂપ છે એમ ન જાણતાં (વિચારતા) પ્રભુ મારા પ્રત્યે કઠોરતા કરી રહ્યા છે એમ વિચારે. આ દોષ પ્રબલ હોવા છતાં એ મજબૂત દોષને દૂર કરવા માટે તો આપનાં સુકુમાર મૃદુ ચરણારવિંદ જ પર્યાપ્ત છે. સ્વભાવમાં રજોગુણ હોય ત્યારે સૌભાગ્યમદમાં ક્યારેક પ્રભુ (સ્વામી) પ્રત્યેની તેમને પ્રસન્ન કરવાની તેમની પ્રવૃત્તિને બદલે સ્વસુખની કામના ઉત્પન્ન કરે ત્યારે ચિંતા નિવૃત્ત થવાને બદલે અતિ વેગવાન બને છે. માટે આપનાં મૃદુ ચરણથી એ નિવૃત્ત થાય છે.

જાકે મન ચિંતા રહે ભાવ સુદૃઢ નહીં ગાત ।
મનપ્રબોધ યહ ગ્રંથ સુનિ અબોધ સુબોધ વ્હે જાત ।। ૬ ।।

જ્યાં સુધી ચિંતા હૃદયમાં રહે ત્યાં સુધી ભાવની દૃઢતા નથી એમ માનવું જોઇએ. ભાવની સુદૃઢ અવસ્થામાં પછી કોઇ પ્રકારનો ખટકો યા ઉદ્વેગ ન રહી શકે. **हरि : सर्वं निजेच्छात : करिष्यति**। આ વિવેક ભાવની દૃઢતા માટે જરૂરી છે. હું ઇચ્છુ એમ થાય, તુ ઇચ્છા કરે તેમ ન થાય. આ સર્વ ક્લેશ 'હરિ ઇચ્છે તેમ થાય' એમ વિચારતાં જ દૂર થાય છે. સર્વ સમર્થ રસિક ભક્તોનાં સર્વસ્વ શ્રીગોકુલેશ પ્રભુ જેનાં સ્વામી છે તેમને ચિંતા રહે તેનું કારણ ભાવની શિથિલતા. જે સ્વભાવથી વિપરીતતાને કારણે ચિંતા વધતી જ જાય એવી ચિંતાની અવસ્થામાં અલૌકિક સેવા-સ્મરણ વગેરેમાં આનંદનો અનુભવ નથી થતો. જેથી પ્રભુને પણ પરિશ્રમ પડે.

માતા પુત્રને અથવા સ્નેહાળ પત્ની પતિની પરિચર્યા કરે અને તેનું ચિત્ત ઉદાસ યા ચિંતિત હોય તો તેમને પણ આનંદ નથી આવતો. તો અહીં જે સ્વરૂપની સેવા કરવામાં આવે છે અને આપણી ચિંતા આપણા પ્રભુને પરિશ્રમ આપનારી બને તો સેવાની સિદ્ધિ કેમ થાય ? ચિંતા મનની વિપરીત સ્થિતિ છે. તેનો નાશ મનપ્રબોધ ગ્રંથથી થાય છે. ભટકતું મન ચિંતાનું કારણ બને છે. બુદ્ધિ તેની જ ઉત્તમ કહેવાય જે પોતાના પ્રાણપતિનાં ચરણોમાં પોતાની બધી ઇચ્છાઓ સમર્પીને નિશ્ચિંતતાને પ્રાપ્ત કરે. એ સિવાયની બુદ્ધિ પ્રતારણા છે. બુદ્ધિ વિના જીવ સ્થિરતા અને વિશ્વાસની દૃઢતાની સાથે સાથે આ ગ્રંથના મનન વડે સુબુદ્ધિને પ્રાપ્ત કરે તો પ્રભુમાં તેનો ભાવ ખૂબ જ મજબૂત બને છે, વિશ્વાસ સ્થિર થાય છે.

અલૌકિક મેં વ્યાસંગ મન દેખ્યો સમય વિરૂદ્ધ ।

મનપ્રબોધ કરિ આપતેં તબ કર લિયો વિશુદ્ધ ।। ૭ ।।

કહબું અતિ ઉદ્વેગ મન રહેતો કછુ જંજાલ ।

મનપ્રબોધ યહ ગ્રંથ તબ કીનોં દાસ ગોપાલ ।। ૮ ।।

લૌકિકમાં આસક્તિવાળું મન હોય તો કલિકાલજન્ય વિપરીત સમયનો અનુભવ કરે. કાલના પ્રભાવથી વિમુખ થઈને અનિત્ય તુચ્છ પદાર્થોમાં સુખ માનવા લાગે છે. પરંતુ ગોપાલદાસભાઈજી કહે છે કે અલૌકિક સ્વરૂપમાં અનન્ય નિષ્ઠાવાન મન પણ જ્યારે સમયની વિપરીતતાનો અનુભવ કરવા લાગ્યું ત્યારે જે ઉદ્વેગ થયો તેને આ ગ્રંથમાં પ્રતિપાદિત જે વિશેષ બોધનો અનુભવ થયો અને તેથી વિશુદ્ધતાને પ્રાપ્ત કરી.

અનન્ય નિષ્ઠાવાળા ભક્તો પણ ક્યારેક સ્વાર્થબુદ્ધિ આવી જવાથી સ્વામીનાં સુખ કરતાં વધુ સ્વસુખની કામનાવાળા થઈ જાય છે ત્યારે મનપ્રબોધ દ્વારા સર્વ સમર્થ સ્વામીનું સ્વરૂપ અને તેમના પ્રત્યેનો આપણો સંબંધ જ્યારે આપણી સમજમાં આવે છે ત્યારે સ્વાર્થબુદ્ધિ દૂર થાય છે અને પ્રભુને પ્રસન્ન કરવાનો મનોરથ જાગૃત થાય છે. આ રીતે ક્યારેક અસહ્ય ઉદ્વેગને કારણે પ્રપંચ-જંજાળ વધી ગયો ત્યારે ગોપાલદાસભાઈજી કહે છે કે આ ગ્રંથની રચના આ દાસ પાસે આપશ્રીએ કરાવી ઉત્તમોત્તમ ભક્તિનું દાન આપશ્રીએ કર્યું હોય છતાં એ ભક્તિને વધુ પરિપક્વ અને દઢ બનાવવા માટે ક્યારેક લૌકિક આસક્તિનો આભાસ કરાવે છે, ત્યારે અનન્યનિષ્ઠ ભક્ત ઉદ્વિગ્ન થઈ જાય છે.

ભક્ત-પીડાથી કરૂણાવાન થયેલા પ્રભુ તુરત જ હૃદયમાં બિરાજીને બુદ્ધિમાં પ્રકાશ કરે છે અને ત્યારે ગોપાલદાસભાઈજી પોતાના ઉદ્વેગથી નિવૃત્ત થઈને સંતુષ્ટ નથી પરંતુ નિજભક્તોના અંતરાયના હેતુરૂપ ઉદ્વેગને દૂર કરવા માટે મનપ્રબોધ ગ્રંથની રચના કરી. દાસગોપાલ એમ કહેતા ગ્રંથ રચના કરવાની બુદ્ધિનાં પ્રેરક તો શ્રીગોકુલેશ પ્રભુ છે. હું તો તેમનો દાસ છું. તેમની આજ્ઞા કરી રહ્યો છું. આ રીતે હૃદયની અમૂલ્ય નિધિ દીનતા દાસ શબ્દ દ્વારા પ્રગટ કરે છે. ભગવદ્ભક્તમાં એ સામર્થ્ય છે કે જ્યારે જ્યારે પોતાના મન યા ઈન્દ્રિયોને ભગવાનથી વિમુખ પદાર્થો તરફ દોડતી જુએ છે ત્યારે વિશેષ નિગ્રહ કરીને પોતાના સ્વામીમાં સ્થિર કરે જ્યારે ઉદ્વેગ યા ચિંતા થાય ત્યારે પરમકૃપાપાત્ર ભક્તો પોતાના સ્વામીનું ધ્યાન કરીને મનના મળને વિશુદ્ધ કરે છે તેમ સૂચિત થાય છે...

...ક્રમશઃ

ગ્રંથકર્તા વ્યારાવાળા ગોપાલદાસભાઇજી, સંયોજન-વિવેચનકર્તા ગો.શ્રીરસિકરાયજી.

શ્રીચરણારવિંદ સ્વરૂપ સમાન,

સ્વરૂપ સમાન મેરે જીવન પ્રાણ. શ્રીચરણારવિંદ..

શ્રીગોકુલેશ પ્રગટ પુરૂષોત્તમ,

પુષ્ટ પુષ્ટ સુખ નિધાન. શ્રીચરણારવિંદ...

|| વિષ્ણુદાસ વિરચિત - શ્રીગોકુલેશાષ્ટોત્તરશતનામ સ્તોત્રમ્ ||

[७२]धनाढ्यो [७३]धनदो [७४]धर्मरक्षाकर्ता [७५]शुभप्रदः ।

[७६]सर्वेश्वरः [७७]सदापूर्णज्ञानवान् [७८]विबुधप्रियः ।। २० ।।

[७९]ब्रह्मवादे सविश्वासो [८०]मायावादादिखण्डनः ।

[८१]उग्रप्रतापवान् [८२]ध्येयो [८३]भृत्यदुःखनिवारकः ।। २१ ।।

[८४]सतामात्मा[८५]ऽजातशत्रुः [८६]जीवमात्रशुभस्पृहः ।

[८७]दीनबन्धुविधुः [८८]श्रीमान् [८९]दयालु[९०]र्भक्तवत्सलः ।। २२ ।।

[९१]अनवद्यसुसङ्कल्पो [९२]जगदुद्धरणक्षमः ।

[९३]अनंतशक्तिमान् [९४]शुद्धगंभीरमृदुलाशयः ।। २३ ।।

[८५]प्रमाणमात्रसंतुष्टः [९६]सर्वाधिकसुखप्रदः ।

[९७]शृङ्गारादिरसोत्कर्षचातुर्यवलितस्मितः ।। २४ ।।

[९८]पादाम्बुजरजःस्पर्शमहापतितपावनः ।

[९९]पितृपालितसद्धर्मरक्षणोत्सुकमानसः ।। २५ ।।

[१००]भक्तिसिद्धान्तमर्मज्ञो [१०१]गूढभावप्रकाशकः ।

[१०२]पुष्टिप्रवाहमर्यादामार्गनिर्धारकः ।। २६ ।।

[१०३]श्रीभागवतसारज्ञो [१०४]सर्वाधिक्यत्वबोधकः ।

[१०५]अनन्यभावसंतुष्टः [१०६]पराश्रयनिवारकः ।। २७ ।।

[१०७]आचार्याध्र्यस्वरूपश्च [१०८]सदाद्भुतचरित्रवान् ।

तैलङ्गतिलको दैवीसृष्टिसाफल्यकारकः ।। २८ ।।

इतिश्रीगोकुलेशानां नामाब्जाभिधमुत्तमम् ।

स्तोत्रं सद्ब्रह्मभट्टेन विष्णुदासेन वर्णितम् ।। २९ ।।

य: पठेत् श्रृणुयाद् भक्त्या प्रभुस्तस्य प्रियो भवेत् ।

संशयोऽत्र न कर्तव्य: समर्थो गोकुलेश्वर: ।। ३० ।।

तत्कारुण्यबलेनैव मयैतत्प्रकटीकृतम् ।

पठन्तु साधवोऽप्येतत्तद्वदेवानुपकम्पया ।। ३१ ।।

मदीयेयन्तु विज्ञप्तिर्बुद्धिदोषप्रमादताम् ।

शोधयित्वा यथायुक्तं तथा कुर्वन्तु साधव: ।। ३२ ।।

।। इति श्रीविष्णुदासविरचितमष्टोत्तरशतनाम्नां स्तोत्रं संपूर्णम् ।।

જૈ જૈ શ્રીગોકુલેશ

આવો આવો રે સુજાતિ સહિયર સાથ

આવો આવો રે સુજાતિ સહિયર સાથ, આવી અવિલોકો શ્રીગોકુલનાથ. ૧

આપણાં નયણાં ચતુર ચકોર સમાન, કીજે અમીય પાન આનન ઉડુરાજ. ૨

કરો નયણાં સફલ સકલ સંઘાત, જઈ જોઈ જુઓ વિઠ્ઠલરાયજીનો તાત. ૩

એ નયણાં તણું જાણે નયણ, પણ કેઈ પેરે કહે એ વર્જિત વેણ. ૪

સખી એ ચતુરાનન કેરી ચૂક, એહવાં લોચન લલિત કર્યાં બેઉ મુક. ૫

વલી વચ્ચે નિમેષ તણું શું કાજ, એ વિધના થયો રે વિનાયક રાજ. ૬

એણે અનિમેષ કરી રે અખિલ સુરનાર, જેને એ દર્શન નહિં સ્વપ્ન મંઝાર. ૭

એ ઘરડો ઘણું રે ભણ્યો વલી વેદ, તે શું જાણે દર્શન રસભેદ. ૮

એ શોભા સિંધુ સદા સુખધામ, તેને જોતાં કયમ પામીએ વિરામ. ૯

એ મનડું હર્યું રે મનોહર રૂપ, અતિ સુખદ સુભગ અંગોઅંગ અનુપ. ૧૦

એહને જોતાં જાયે મનની આધ, એ છે આનંદ ઉદધિ અપાર અગાધ. ૧૧

સખી ધન્ય ધન્ય શ્રીગોકુલનો વાસ, જ્યાં પહોંચે આપણા મનતણી આશ. ૧૨

સખી જે નહી રે વૈકુંઠ મંઝાર, સખી એ સુખ શ્રીગોકુલનાથજીને દ્વાર. ૧૩

સખી ધન્ય ધન્ય આપણો અવતાર, આપણા વલ્લભવર વિઠ્ઠલેશકુમાર. ૧૪

હવે જનમ જનમ જાચવું એહ, આપો નારાયણ પ્રભુ નિરવિધિ નેહ. ૧૫

કવિત્ત

આપુને અજ્ઞાન હૂ તે સ્વારથ સુખારથકો,
        વિનતિ કરતહોં સો વિનતિ ન માનિયે;
તુમ સર્વજ્ઞ સબ ભૂત ભાવિ વર્તમાન,
        નિત હિત ચિત્ત લહો મેરો હિત ઠાનિયે.
જોઈ તુમ જાની હો કરિ હો વિચાર મેરો,
        તાહીમેં હે હિત એસે જાનત નિદાન એ;
જામેં મેરો હિત સોઈ કીનો તુમ આપહી તે,
        કરત હોં, કરોગે, સબ યે તુમ્હારી બાની હે. ૨૬

શ્રીગોકુલનાથકી જય

|| ShriGokulesho Jayati ||

ShriVallabh Vaani

(Basics to Pushtimarg)

Mahaprabhu Shri Vallabhacharyacharan

Founder Acharya of ShriVallabh Sampradaaya-Pushtimaarg

Shri Gopinath Prabhucharan

Co Founder

Shri Vitthalnath Prabhucharan

Co Founder

Shri Gokulnath Prabhucharan,

(Fourth son and Mool Purush of the Chaturth Peeth lineage)

- Shri Vallabh Sampradaaya-Pushtimaarg is a Vedic religion belonging to the Vedanta school of thought.
- The basic proof or evidence is the words of the Veda-Shaastras as defined by the founder Acharya.
- Lord ShriKrishna is considered as the supreme godhead and the only reality. The Brahman (બ્રહ્મ), the Parmaatman and Bhagvaan are three names given to this highest reality.
- The supreme godhead can be realised only through the means of Bhakti and Prapatti.
- The Form of ShriKrishna as depicted in the Vraj Lilas in Shrimad Bhaagavat Mahaapuraan is the Form/Swaroop worshipped in ShriVallabh Sampradaaya-Pushtimaarg.
- Seva-puja and kathaa are absolutely a personal way of Pushtimaargiya Saadhana and therefore can never be made the subject of public worship, public interference, public appearance or public exhibition as any object of a person's personal ownership in a residential house can never be declared as public or used as public.
- Unlike any other Sampradaaya, in Pushtimaarg, personal mode of worship is an established mode of worship by tenets, tradition, custom and usages.

○ The Swaroop of ShriKrishna is not an object but it is handed over to a Saadhak as his 'Nidhi' (a person's true wealth). For e.g. as we consider our son-daughter or beloved or any member of our family as our true living wealth and if the situation asks, infact, we are ready to give up our life for them. Seen from this standpoint, just as a person's most dear and loved ones can never ever become a public property similarly for a Pushtimaargiya Saadhak, his/her Swaroop can never ever become public!

○ The only right and conducive place for performing seva is one's own house and none else.

○ Every Saadhak in Pushtimaarg is given his/her own Swaroop for worship and in this regard an Acharya-Guru or an ordinary disciple is no exception to this rule. This individual Swaroop is considered as a exclusive manifestation of Lord particularly for this Saadhak. This Swaroop is known as 'Bhaktodhaarak' in Shaastras in contrast with the 'Sarvodhaarak' aspect of the Lord.

○ An Acharya-Guru is the [receptor and not a teacher in the ordinary sense of the term as understood in the current times. Imparting the knowledge and showing the path of god realisation are not his obligation in the sense of his duties but are obligations in the sense of necessity for him to achieve the meaningfulness of his existence of what he is.

○ The question of endowment should be given a serious thought in the context of ShriVallabh Sampradaaya-Pushtimaarg. The endowment can never be accepted in the simple meaning of the term. For endowment is not दान/भेट in its usual sense for the reason that दान/भेट is the transfer of ownership to the donee whereas आत्मसमर्पण is a very strong acceptance and commitment of a person as a दास in relation to the परमात्मा ShriKrishna as the स्वामी with the deepest feeling of love and dedication. आत्मसमर्पण is the allocation of one's entire property movable and immovable besides one's देह इन्द्रिय प्राण अन्तःकरण and आत्मा along with his/her children, wife, husband, elders to Shri Krishna as swami and make a strong dedication as Das to serve Shri Krishna with whatever he/she possesses. So it is not a transfer of legal ownership on the contrary it is a deep ACCEPTANCE of and COMMITMENT with the lord for an eternal bond of Swami-sevak relationship. The acceptance of voluntary servitude rather than a service executed mercenarily and appeasement with give and take. There are clear injunctions of tenets not to accept दान/भेट for Swaroop and seva for doing so would make the Saadhak a sinner and would count as a sacrilegious act. Therefore it follows that by the very prohibition of the tenets, tradition and customs of Shri Vallabh Sampradaaya-Pushtimaarg, endowment in the sense of दान/भेट can never be allowed. The seva can only be performed with **समर्पण.**

○ A person may put aside his/her total wealth or a portion of it to make a private trust of the same for the exclusive use of one's own seva as in the instance of one's family or any family member. I presume that by simply doing so can never convert this personal allocation of the personal wealth for the personal deity an act of endowment in the usual sense. Either the allocation of money etc. has got to be of personal nature i.e. of the ownership of the Saadhak or the endowment in any other nature would fall out of the discipline of Shri Vallabh Sampradaaya-Pushtimaarg and would tentamount to the direct violation of the commands of the founder Acharya. So if we treat the endowment in the usual sense, we do not remain a devotee of Shri Vallabh Sampradaaya-

Pushtimaarg which is our right under the constitution for free worship. Therefore this subtle aspect needs your proper deliberation and elucidation for there must be some way out.


○ In our Sampradaaya, the means of livelihood for an **Acharya-Guru** (गुरुत्व या आचार्य-गुरु होना ही योग्य आजीविका है) is the very profession of his being so and is considered as the only moral and ethical mode of earning. Like an academician or any professional, his/her being so is the very source of his/her livelihood, in other words whatever he earns after imparting the knowledge to the students, the money he receives in return is his professional income similarly an Acharya-Guru imparts the spiritual and religious knowledge and guides the aspirant on the transcendental path. In return, money offered by the disciple/shishya as a token of respect unto the feet of the Guru is considered his professional income. It has no relation to the Deity worshipped by the Acharya-Guru. So the clear principle is that in our Sampradaaya, **seva-puja is never accepted as the means of livelihood, instead it is in the very capacity of being an Acharya-Guru that a person earns his livelihood**.

(A special treatise has been written by a great scholar of our Sampradaaya to through light on the subject of livelihood of an Acharya-Guru)

There is a vast body of works written by the founder Acharyas with learned commentaries (all available in print) on them to prove the above mentioned facts. Furthermore, the tenets, tradition and customs are widely prevalent and practised by the adherents of Shri Vallabh Sampradaaya-Pushtimaarg even to this day.

ShriGokulnath Ki Jai





તાત તણો પ્રતિબિંબ રે રસ

વર્ષ ૩ અંક ૪
શ્રીયોગિની
એકાદશી વ્રત
જેઠ વદ ૧૧,
૨૦૬૬

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય ગુપ્ત લીલામેં આજ્ઞા કીની જે, શ્રીસ્વરૂપરસાવલી ગ્રંથ અમોલીક મનીરૂપ હે, યાતેં યા ગ્રંથકો પાન કર સ્વરૂપ હૃદયમેં ધારણ કરનો, ઓર મનપ્રબોધ ગ્રંથકો નિત્ય પાઠ કરનો, પાઠ કરકે અનુસરનો, ઓર નિત્યચરિત્ર કે ધોલ વાંચકે ભાવ હૃદયમેં ધારણ કરનો. વિરહકે પદ ૨૪ તથા ૨૬મેં આપે લખ્યું છે. ૮૮